# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

****************************************************

1) ગાંધીનગરમાં મહેસૂલ વિભાગની ત્રણ દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ
2) ગુજરાત બોર્ડની ધોરણ-10ની પરીક્ષાનું આવતીકાલે પરિણામ
3) 53 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી મામલે આણંદ અને અમદાવાદમાંથી 10 આરોપી ઝડપાયા
4) કોલ ઈન્ડિયા લિમિટેડ બનાસકાંઠામાં 100 મેગાવોટનો સૌર ઉર્જા પ્લાન્ટ શરૂ કરશે
5) રાજ્યના અનેક જિલ્લામાં આજે કમોસમી વરસાદના અહેવાલ-આવતીકાલે પણ માવઠાની આગાહી

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CHINTAN SHIBIR

**ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસૂલ વિભાગની ત્રણ દિવસીય ચિંતન શિબિરનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જિલ્લા કલેક્ટરને સ્વાગત કાર્યક્રમ પહેલા જ પ્રશ્નોનું નિરાકરણ લાવવા અનુરોધ કર્યો.**

**( BYTE : BHUPENDRA PATEL, CM )**

**આ પ્રસંગે મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિ સહિત ઉચ્ચ અધિકારીઓ અને વિષય નિષ્ણાત હાજર રહ્યા. આ ચિંતન શિબિરની મુખ્ય વિષયવસ્તુ "વિઝન 2030 ગુજરાતમાં જમીન વહીવટનું ભવિષ્ય" રાખવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ..**

**( VOICE CAST : MAYUR SOLANKI )**

*(આ શિબિરનો મુખ્ય હેતુ જમીન વહીવટને વધુ પારદર્શક, ઝડપી અને ટેકનોલોજી આધારિત બનાવી વહીવટી માળખાને સુદ્રઢ બનાવવાનો છે. ચર્ચાના મુખ્ય મુદ્દાઓમાં પેપરલેસ મિલકત નોંધણી, આવકના રેકોર્ડનું ડિજિટાઈઝેશન અને ઓનલાઈન કોર્ટ કેસ સંચાલનનો સમાવેશ થાય છે. શિબિર દરમિયાન વહીવટી અડચણો દૂર કરીને નાગરિકલક્ષી સેવાઓમાં ઝડપ લાવવાના માર્ગો પર પણ ચર્ચા થશે. આ શિબિરથી જમીન વહીવટમાં નવીનતા અને પારદર્શિતા લાવવાનો પ્રયાસ કરાશે.મયુર સોલંકી , આકાશવાણી - અમદાવાદ.)*

# GADKARI – REVIEW MEET

માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે નવી દિલ્હીમાં ગુજરાત સહિત તમિળનાડુ, પુડુચેરીમાં હાઇવે જાળવણી અંગે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ કોરિડોરને મજબૂત બનાવવા, સલામતીના ધોરણોમાં સુધારો કરવા અને મુસાફરીની સરળતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ રાજ્ય મંત્રી હર્ષ મલ્હોત્રાએ એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે ભારતીય માળખાગત વિકાસ ફક્ત વિસ્તરણ પર જ નહીં પરંતુ લાંબા ગાળાના ટકાઉપણા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે.

# DYCM MEET

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રીના કાર્યક્રમને લઈ વીડિયો કોન્ફરન્સ યોજાઈ. જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારી જોડાયાં. બેઠકમાં સંભવિત કાર્યક્રમો, સંભવિત રુટ તથા તે સંદર્ભમાં જરૂરી આયોજન કરવા માટે ચર્ચા કરવામાં આવી હતી.

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલે ધોરણ-10નું પરિણામ જાહેર થશે. શિક્ષણ મંત્રી ડૉ.પ્રદ્યુમન વાજાએ સોશિયલ મીડીયા પર આ જાહેરાત કરી છે. તેમણે જણાવ્યું, ફેબ્રુઆરી-માર્ચમાં યોજાયેલ ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ સવારે 8 કલાકે જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ પરિણામ www.gseb.org પર તેમજ વોટ્સએપ નંબર 63573 00971 પર પોતાનો બેઠક ક્રમાંક મોકલી પરિણામ જાણી શકશે.

# GCAS

રાજ્યની 15 જેટલી સરકારી સરકારી યુનિવર્સિટીઓમાં GCAS-જિકાસથી પ્રવેશ પ્રક્રિયા, 7 મેથી શરૂ થશે. 28 મે સુધી વિદ્યાર્થીઓ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. 2 જૂનથી પ્રથમ પ્રવેશ રાઉન્ડ યોજવામાં આવશે. GCAS દ્વારા કુલ ચાર રાઉન્ડમાં પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ વર્ષે વિદ્યાર્થીઓની સરળતા માટે GCAS પોર્ટલ પર નવી 'AI એજન્ટ' સુવિધા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ હવે GCAS પોર્ટલ સાથે સંકળાયેલ સરકારી કે ખાનગી યુનિવર્સિટી કે તેમને સંલગ્ન કોઈપણ કોલેજની માહિતી, કટ-ઓફ અને અન્ય જરૂરી વિગતો કોલ કે ચેટબોટ મારફતે તરત જ મેળવી શકશે.

# CYBER FRAUD

53 કરોડ રૂપિયાની સાયબર છેતરપિંડી મામલે આણંદ અને અમદાવાદમાંથી 10 આરોપી ઝડપાયા છે. ઓપરેશન મ્યુલ હંટ અંતર્ગત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે આ આંતરરાજ્ય સાયબર કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. આ અંગે વધુ માહિતી પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું, આરોપીઓ કમિશન મેળવી મ્યૂલ એકાઉન્ટ પૂરા પાડતા હતાં.

**( BYTE : RAJDEEPSINH ZALA, SP )**

# SOLAR PLANT

કોલ ઈન્ડિયા લિમિટેડ બનાસકાંઠામાં 100 મેગાવોટના સૌર ઉર્જા પ્લાન્ટ શરૂ કરશે. આ અંગે કોલ ઇન્ડિયા લિમિટેડના જણાવ્યા અનુસાર ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી તરફથી 100 મેગાવોટ ક્ષમતાના સૌર ઉર્જા પ્લાન્ટ માટેનું પ્રમાણપત્ર મળી ગયું છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# ODISHA CM VISIT

ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી રાજ્યની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા છે. પ્રવાસ દરમિયાન તેઓ ઉદ્યોગના અગ્રણીઓ સાથે અનેક બેઠકોમાં હાજરી આપશે. તેઓ અમદાવાદમાં યોજાનાર ઓડિશા રોકાણકાર બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રવાસ કાપડ, રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, ધાતુઓ અને ડાઉનસ્ટ્રીમ ઉદ્યોગો અને ફાર્માસ્યુટિકલ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# SOMNATH SAWBHIMAAN PARV

સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શને દિલ્હીથી આવેલા શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શનની સાથે બાણગંગા, ત્રિવેણી અને ગીતામંદિર સહિતના સ્થળોની મુલાકાત લઈ રહ્યાં છે.

સાંભળીએ એક શ્રદ્ધાળુના પ્રતિભાવ...

**( BYTE : RAMDEV SINH )**

# PLASTIC RESTRICTION

પોળોના જંગલોમાં પ્લાસ્ટીકના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સાબરકાંઠા જિલ્લામાં ઉજવાતા પોળો ઉત્સવમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આ જંગલની મુલાકાતે આવે છે. તેઓ પોતાની સાથે નાસ્તા અને અન્ય ચીજવસ્તુઓ માટે  સિંગલ યુઝ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ કરે છે જે પર્યાવરણ તેમજ વન્ય પ્રાણીઓ માટે નુકસાનકારક હોવાથી આ હૂકમ કરાયો છે.

તારીખ 1 જુલાઇ 2026 સુધી અમલમાં રહેશે. તેનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની 2023 કલમ 223 હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# UNSEASONAL RAIN

રાજ્યના વાતાવરણમાં આજે અચાનક પલટો આવતા કેટલાંક જિલ્લામાં કમોસમી વરસાદ થયો. દાહોદના ફતેપુરામાં પોણો ઇંચ, સુખસર અને ઝાલોદમાં અડધો ઇંચ વરસાદ નોંધાયો. મહીસાગર અને અરવલ્લી જિલ્લામાં પણ વરસાદ પડ્યો.

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના અને બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાનાં ગામોમાં કરા સાથે વરસાદ થયો. કચ્છ જિલ્લાના ભુજ-અંજારના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસ્યો.

બનાસકાંઠાના અંબાજીમાં પણ એકાએક ભારે પવન ફૂંકાતા ધૂળની ડમારીઓ ઊડી હતી અને વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી.

# WEATHER FORECAST

રાજ્યમાં આવતીકાલે પણ કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર સૌરાષ્ટ્ર, કચ્છ ઉપરાંત અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. હવામાન વિભાગના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું હતું કે, આ દરમિયાન 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

**( BYTE : DR. A K DAS, IMD DIRECTOR )**

# SPECIAL TRAIN

ભાવનગર યાત્રિયોની સુવિધા તેમજ “ફાગણ ફેરી”ના અવસરે પાલીતાણા જૈન મંદિર ખાતે આવનારા શ્રદ્ધાળુઓની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા વિશેષ ભાડા પર પાલીતાણા અને બાંદ્રા ટર્મિનસ વચ્ચે એક સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવાશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ, બાંદ્રા ટર્મિનસથી પાલીતાણા જતી બાંદ્રા–પાલીતાણા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન આવતીકાલે બાંદ્રા ટર્મિનસથી બપોરે 12.15 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 5.10 વાગ્યે પાલીતાણા પહોંચશે.

તે જ રીતે પરત ફરતી પાલીતાણા–બાંદ્રા સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન 8 મેના રોજ પાલીતાણાથી સાંજે 5 વાગ્યે પ્રસ્થાન કરશે અને બીજા દિવસે સવારે 7.25 વાગ્યે બાંદ્રા ટર્મિનસ પહોંચશે.